# કે. ડી. પોલીટેકનીક, પાટણ

## આપત્તિ વ્યવસ્થાપન નિદર્શન વ તાલીમ કાર્યક્રમનો અહેવાલ

તારીખ ૦૮/03/૨૦૧૯ ના રોજ કે. ડી. પોલીટેકનીક, પાટણ ખાતે આપત્તિ વ્યવસ્થાપન નિદર્શન વ તાલીમ કાર્યક્રમનું આયોજન કરેલ. પ્રથમ સત્રનો સમયગાળો ૧૦:30 થી ૧૨:30 હતો કે જેમાં ૧૦૮ ઇમરજન્સી સેવા, સિવિલ હોસ્પિટલ, પાટણની ટીમના સભ્ય શ્રી ગુલાબખાન જે. બલોચ (પાઈલટ) અને શ્રી વિજય રાઠોડ ( ઇમરજન્સી મેડીકલ ટેક્નીશિયન) દ્વારા વિવિધ લાઇફ સપોર્ટ પદ્ધતિ અને તેના સાધનોનું નિદર્શન કરેલ. તેઓએ ૧૦૮ ઇમરજન્સી એમ્બુલન્સમાં વપરાતા વિવિધ સાધનો જેવા કે પલ્સ ઓક્ષીમીટર, ડીજીટલ થર્મોમીટર, સ્પાઇન બોર્ડ, સ્કૂપ બોર્ડ, જોલી સ્ટ્રેચર, ડી ફબ્રીલેટર, ડીજીટલ બી.પી. ઇન્સ્ટ્રુમેન્ટ, ડિલીવરી કિટ, નેબ્યુલાઇઝર મશીન અને વિવિધ દવાઓ અંગેની માહિતી આપેલ. તદ્દુપરાંત સ્થળ પર જ Cardio Pulmonary Resuscitation (CPR) નું નિદર્શન કરેલ.



૧૦૮ ઇમરજન્સી એમ્બુલન્સ સેવાની વિવિધ પદ્ધતિ અને તેના સાધનોનું નિદર્શન

દ્વિતીય સત્રનો સમયગાળો ૦૧:૩૦ થી ૦૩:૦૦ હતો કે જેમાં ફાયર અને સેફ્ટી ટીમ, નગરપાલિકા પાટણ ના સભ્યો શ્રી ભરત કાપડિયા (ફાયરમેન), શ્રી યોગેશ પરમાર (ફાયરમેન) અને શ્રી દિનેશ મકવાણા (ડ્રાઇવર) દ્વારા ફાયર અને સેફ્ટીની વિવિધ પદ્ધતિ અને તેના સાધનોનું નિદર્શન કરેલ. તેઓએ ઇમરજન્સી ફાયર ટ્રકમાં વપરાતા વિવિધ સાધનો જેવા કે હાઇડ્રોલિક કટર, લાઈફબોય રીંગ, અગ્નિશામક (A,B,C ટાઇપ) અને લાઈફબોય જેકેટ વિશે વિગતવાર માહિતી આપેલ. આ બંને સત્રનો લાભ કે. ડી. પોલીટેકનીક કોલેજના તમામ વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓએ લીધેલ.












ફાયર અને સેફ્ટીની વિવિધ પદ્ધતિ અને તેના સાધનોનું નિદર્શન